તારીખ : 12/02/2026

# સાવરકુંડલા તાલુકાના ખેડૂતોની ટેકાના ભાવથી સવાપાંચ લાખ ગુણી મગફળીની ખરીદી...

## સરકારશ્રીની ખેડૂતલક્ષી ઉદારનીતિ ને આવકારતા ખેડૂત અગ્રણીઓ..

સાવરકુંડલા : ચાલુ વર્ષે સરકારશ્રીની ટેકાના ભાવથી મગફળી ખરીદવા માટે ગુજકોમાસોલના ચેરમેનશ્રી અને રાષ્ટ્રીયક્ષેત્રે સહકારી નેતૃત્વ સંભાળી રહેલા માન.શ્રી દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શન નીચે સાવરકુંડલા માર્કેટયાર્ડમાં બે કેન્દ્રો મંજૂર થયેલ. આ કેન્દ્રો પરથી મગીફળી ખરીદવાનો પ્રારંભ માન. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કાસવાલા ની ઉપસ્થિતિમાંતા. ૦૯-૧૧-૨૦૨૫ ના રોજ થયેલ. એ પછી સરકારશ્રીની ટેકાના ભાવથી મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, સોયાબિન વિ. ખરીદવાની ઉદાર નીતિ મુજબ સતત સિતેર દિવસ સુધી સાવરકુંડલા માર્કેટ યાર્ડના બંને કેન્દ્રો પરથી ટેકાના ભાવથી મગફળી ખરીદવાનું શરૂ રહેતા સાવરકુંડલા તાલુકા માંથી આઠહજાર થી વધારે ખેડૂતોની સવાપાંચ લાખ ગુણી મગફળીની ખરીદી કરવામાં આવેલ છે.

જેની કિંમત અંદાજે એકસો બત્રીસ કરોડ થાય છે. અને સરકારશ્રીની નવી દાખલ થયેલ સિસ્ટમ મુજબ આ વખતે ડી.બી.ટી. સિસ્ટમથી ડાયરેક નાફેડ મારફત પેમેન્ટથી મોટા ભાગના ખેડૂતોને મગફળી વેચાણના નાણાં પણ સમયસર મળી ગયા છે. સરકારશ્રીની આવી ખેડૂતલક્ષી ઉદાર નીતિને સાવરકુંડલા તાલુકાના ખેડૂત અગ્રણીઓ શ્રી દીપકભાઈ માલાણી – ચેરમેનશ્રી માર્કેટ યાર્ડ અને તાલુકા સંઘ સાવરકુંડલા, શ્રીજીતુભાઈ કાછડીયા- પ્રમુખ શ્રી તાલુકા પંચાયત, શ્રીમહેશભાઈ લખાણી- વા. ચેરમેનશ્રી માર્કેટ યાર્ડ, શ્રી દેવાતભાઈ બલદાણિયા - સિનિયર ડાયરેક્ટર માર્કેટયાર્ડ અને પૂર્વ પ્રમુખ આહીર સમાજ, શ્રીજસુભાઈ ખુમાણ- સિનિયર ડાયરેક્ટર માર્કેટયાર્ડ અને અગ્રણી, શ્રીરાઘવભાઈ સાવલિયા- ચેરમેન શ્રી ખેતીબેન્ક સાવરકુંડલા સમિતિ અને પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત, શ્રી લાલભાઈ મોર - વા.ચેરમેન શ્રી સા.કુંડલા તાલુકા એફ.પી.ઓ અને પૂર્વ સદસ્ય જિલ્લા પંચાયત, માર્કેટ યાર્ડ ડાયરેક્ટર શ્રીઓ દુર્લભજીભાઈ કોઠીયા, મહેશભાઈ કાછડિયા, આર. વિ. રાદડિયા, બાબુભાઈ માલાણી, વેપારી ડિરેક્ટર શ્રી અશ્વિનભાઈ માલાણી, હરેશભાઈ મશરૂ, કલ્પેશભાઈ ઠુમ્મર, તાલુકા સંઘ ના ડાયરેક્ટર શ્રીઓ મનસુખભાઈ દેસાઈ, બટુકભાઈ રુપારેલિયા, ધીરુભાઈ વોરા, મહેશભાઈ જેબલિયા, હિંમતભાઈ ગુર્જર, હિંમતભાઈ વેકરીયા, માર્કેટ યાર્ડ વેપારી મહામંડળના પ્રમુખશ્રી સુરેશભાઈ ગજેરા સહિત વિ. અગ્રણીઓએ આવકારેલ છે અને કેંદ્ર સરકાર, રાજ્ય સરકાર તેમજ માન.કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, ગુજકોમાસોલના ચેરમેન માન.શ્રી દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા અને નાફેડને ખેડૂતો ના હિતમાં નિર્ણય અને કામગીરી કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કરેલ છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા

સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦

ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

તારીખ : 12/02/2026

# પૂજ્ય જલારામ બાપાની આજે 145 મી પુણ્યતિથિ...






આજ તારીખ 12 ફેબ્રુઆરી 2026 પૂજ્ય જલારામ બાપાની 145 પુણ્યતિથિ છે. જોગા નું જોગ આજે ગુરૂવાર છે તો આવા ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ અને થોડા દિવસ પહેલા જ રાજકોટ થી વિરપુર પદયાત્રા પણ યોજાઈ હતી જેમાં કહેવાય છે કે જેના હૈયામાં રામ હોય, એના પગમાં ક્યારેય થાક નથી હોતો' અને આ ઉક્તિ રોજ રાજકોટ-ગોંડલ હાઈવે પર અક્ષરશઃ સાર્થક થતી જોવા મળી હતી. પૂજ્ય જલારામ બાપાની 145મી પુણ્યતિથિ નિમિત્તે રઘુવીર યુવા સેના દ્વારા આયોજિત 26મી ભવ્ય પદયાત્રામાં શનિવારે પીડીએમ કોલેજથી સાંજે 4::00 કલાકે 1400થી વધુ પદયાત્રીઓએ જય જલારામ'ના ગગનભેદી નાદ સાથે વીરપુર ભણી પ્રસ્થાન કર્યું, ત્યારે સમગ્ર માહોલ જાણે વૈકુંઠધામમાં પરિવર્તિત થઈ ગયો હતો. અને પદયાત્રીઓ વીરપુર પહોંચી જલારામ બાપાના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આજના દિવસે પુણ્યતિથિ નિમિત્તે વીરપુર સહિત સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં અને




દેશભરમાં જલારામ મંદિર ખાતે જ કાર્યક્રમ ધૂન કીર્તન નું આયોજન થયું છે અમરેલી જિલ્લામાં પણ ભવ્ય અને દિવ્ય રીતે મંદિર સુશોભિત કરાયું છે સાવરકુંડલા રાજુલા બગસરા વગેરે જલારામ મંદિર ખાતે પણ ધૂન કીર્તન સત્સંગ યોજાયા છે જ્યારે અમરેલી જિલ્લાના ખાંભા ખાતે મહા આરતી નું આયોજન થયું હતું મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. જય જલિયાણ કર કલ્યાણ નો નાદ ગુંજી ઉઠ્યો હતો.

તારીખ : 12/02/2026

# ઝુલેલાલ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની રાજુલામાં ભવ્ય ઉજવણી...




અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં સિંધી સમાજ દ્વારા ભેરાઈ રોડ ખાતે નવનિર્મિત ઝૂલેલાલ મંદિર અને સમાજની વાડી ખાતે ઝુલેલાલ ભગવાનની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધાર્મિક માહોલ સાથે ભવ્ય અને દિવ્ય રીતે ઉજવણી થઈ હતી ધાર્મિક કાર્યક્રમો સાથે યોજાયેલા રક્તદાન કેમ્પમાં 21 બોટલો નું રક્ત એકત્ર થયું હતું ઝુલેલાલ ભગવાનના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## માલામાલ કુપન સાથે “ફ્રી” એક સ્કેપ કુપન

## કોન બનેગા માલામાલ-૨૦૨૬ ??

## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઇનામો ૫૦૧

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ !!!

## સોનિક જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 12/02/2026

# મહા શિવરાત્રીના પાવન દિવસે સોમનાથ મહાદેવ મંદિર સતત 42 કલાક સુધી ખુલ્લું રહેશે...



મહાશિવરાત્રી 2026 નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિર 15 ફેબ્રુઆરીની વહેલી સવારે 4:00 વાગ્યાથી સતત 42 કલાક સુધી શિવભક્તો માટે અવિરત ખુલ્લું રહેશે. આ સમય દરમિયાન ગર્ભગૃહમાં વિશેષ પૂજા, પાલખી યાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, જેનો ઉદ્દેશ્ય લાખો શ્રદ્ધાળુઓને દર્શનની સુવિધા આપવાનો છે.દર્શન સમય: 15 ફેબ્રુઆરી, 2026 વહેલી સવારથી 16 ફેબ્રુઆરી મોડી રાત સુધી.વિશેષ આયોજન: મહાશિવરાત્રી પર ભસ્મ, રુદ્રાક્ષ અને બિલ્વપત્ર શ્રૃંગાર દર્શન થશે.સુવિધા: યાત્રિકો માટે ગોલ્ફ કાર્ટ, વ્હીલચેર અને સ્વચ્છતાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

તો મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે દેવોના દેવ મહાદેવને વંદન કરી ધન્યતા અનુભવ છે. હર હર મહાદેવ નો નાદ ગુંજી ઉઠશે.

તારીખ : 12/02/2026

# કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 1241916




૯,૯૯૯ થી વધુ કરોડોની કિંમતના ઈનામો!

માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર..*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

14 DAYS LEFT

ઓફર : ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

કે.ડી. NEWS
તારીખ : 12/02/2026

# ધો. 10 અને 12ની આગામી પરીક્ષા માટે હેલ્પલાઈન નંબર જાહેર...




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા રાજ્યના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે એક અત્યંત રાહતરૂપ અને મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. આગામી 26 February, 2026 થી શરૂ થઈ રહેલી ધોરણ-10 (SSC) અને ધોરણ-12 (HSC) ની મુખ્ય જાહેર પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને બોર્ડે વિશેષ 'હેલ્પલાઈન સેવા' (Helpline Service) શરૂ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. પરીક્ષાના દિવસો નજીક આવતા જ વિદ્યાર્થીઓમાં જોવા મળતા સ્વાભાવિક 'પરીક્ષાના ડર' (Exam Phobia) અને માનસિક તણાવને દૂર કરવા માટે આ પહેલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 12/02/2026

# ભારતીય અબજોપતિ ઉદ્યોગપતિ અને રાજકારણી રાહુલ બજાજ ની આજે પુણ્યતિથિ...



રાહુલ બજાજ (૧૦ જૂન ૧૯૩૮ - ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૨) એક ભારતીય અબજોપતિ ઉદ્યોગપતિ અને રાજકારણી હતા. તેઓ ભારતીય સમૂહ બજાજ ગ્રુપના ચેરમેન એમેરિટસ હતા. તેમને ૨૦૦૧ માં ભારતમાં ત્રીજા ક્રમનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર , પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા. રાહુલ બજાજ (૧૦ જૂન ૧૯૩૮ – ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૨) એ એક અગ્રણી ભારતીય ઉદ્યોગપતિ છે તથા ભારતીય સંસદના સભ્ય છે.

તેઓ રાજસ્થાની વેપારી જમનાલાલ બજાજે શરૂ કરેલા ઉદ્યોગગૃહ માંથી આવે છે. 1.32 બિલિયન યુ.એસ. ડોલરની બજાજ ઓટો તેમની પ્રમુખ (ફલેગશિપ) કંપની છે.

2001માં તેમને પદ્મ ભૂષણથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. તેમનું ચોખ્ખું મૂલ્ય 1.1 બિલિયન યુ.એસ. ડૉલર જેટલું આંકવામાં આવે છે. ફોર્બ્સની ભારતના 40 સૌથી ધનાઢ્ય લોકોની યાદીમાં તેમને વીસમું સ્થાન આપવામાં આવ્યું હતું.

તારીખ : 12/02/2026

# HAPPY birthday



## મહેન્દ્ર બગડા

પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ
એન્કર, ગજબ હો શો ,
લોકપ્રિય ચેનલ ટીવી 13

**એસોસિએટ એડીટર**
**Tv13 ગુજરાતી**

કે.ડી. NEWS
તારીખ : 12/02/2026

# વડિયામાં બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે બાળકોને બટુક ભોજન કરાવાયું



અમરેલી જિલ્લાના વડીયામાં સુરવો નદીના કિનારે બિરાજમાન બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલીન મહંત નેમીનાથ મહારાજની 31મી પુણ્યતિથી નિમિત્તે બટુક ભોજન યોજાયું હતું. આ આયોજન સ્વયંમ સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે મહિલા મંડળ દ્વારા આયોજિત ધુન ભજન કીર્તન સહિતના કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતા. બિલેશ્વર મહાદેવના મંદિરે મહંત વિભુતિનાથ બાપુ છેલ્લા કેટલાક વર્ષોથી સેવાપૂજા કરી રહ્યા છે. ત્યારે બાળકોને બટુક ભોજન કરાવી બધાની સુખાકારી માટે પ્રાર્થના પણ કરાઈ હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સોનાનો ચેઈન ખોવાયેલ છે...

## સંઘેડીયા બજારથી જલારામ મંદિર સુધી જે કોઈને મળે તેને પરત આપવા નમ્ર વિનંતી.. યોગ્ય બદલો આપવામાં આવશે.

**ભાવેશભાઈ હિરપરા - 90332 21514**
**ચંદુભાઈ હિરપરા - 99256 89841**
**પાર્થભાઈ સુતરીયા - 94091 88788**
**કેતનભાઈ સાવજ - 96015 08709**

કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

# અમરેલી જિલ્લામાં 61052 ખેડૂતો પાસેથી રૂ.982 કરોડની મગફળીની ખરીદી



અમરેલી જિલ્લામાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવતી હોય છે પરંતુ આ વખતે મગફળી ખરીદીની આંકડો અબજોમાં પહોંચ્યો છે અને આ વર્ષે રૂ 982 કરોડની મગફળીની સરકાર દ્વારા ટેકાના ભાવેથી ખરીદી કરવામાં આવી હતી સાથે જ એક નવો રેકોર્ડ પણ સર્જાયો છે.રાજ્ય સરકાર દ્વારા કૃષિકારોને સશક્ત બનાવવા માટે જાહેર કરાયેલા રૂ. ૧૫,000 કરોડના ટેકાના ભાવે ખરીદી કાર્યક્રમનો અમરેલી જિલ્લામાં સકારાત્મક પ્રભાવ જોવા મળી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ખેડૂતોને અન્ય સહાયની વાત કરવામાં આવે તો અકસ્માતે મૃત્યુ પામેલા ખેડૂત મતદારોના વારસદારોને જિલ્લામાં અત્યાર સુધી કુલ 228.00 લાખની સહાય જ્યારે પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ 1.81 લાખ ખેડૂત લાભાર્થી કુટુંબોને લાભ આપવામાં આવ્યા છે આ યોજના અંતર્ગત અલગ અલગ 21 હપ્તામાં રૂ.2000 લેખે રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા થયા છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




**માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..**

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

**9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...**

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

કે.ડી. NEWS
તારીખ : 12/02/2026

# ગુજરાત રાજ્યના 15.28 લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે..



ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં આ વખતે સૌથી વધુ 77,377 જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 ની બોર્ડ પરીક્ષા જાહેર કરાઈ છે 26 ફેબ્રુઆરી 2026 થી ધોરણ 10 અને ધોરણ 12 ની પરીક્ષા શરૂ થઈ રહી છે જે 18 માર્ચ સુધી ચાલશે બોર્ડની પરીક્ષામાં આ વખતે કુલ 15 ,27,724 વિદ્યાર્થી નોંધાયા છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહની વાત કરવામાં આવે તો 2,61,697 પુરુષ ઉમેદવાર જ્યારે 2,39,589 મહિલા ઉમેદવાર નોંધાયા છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રધ્ધાંજલી



## સ્વ. મનસુખભાઈ વાલજીભાઈ રાઠોડ

નિવૃત્ત એડીશનલ ડીસ્ટ્રીકટ & સેશન્સ જજ - સુરત
(ઉ.વ.૭૨) સ્વ. તા. ૦૩/૦૨/૨૦૨૬, મંગળવાર

ૐ શાંતિ...શાંતિ...શાંતિ...
પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અને મોક્ષ પ્રદાન કરે તેવી પ્રભુ પાસે પ્રાર્થના સહ...

બાવભાઈ વાલજીભાઈ રાઠોડ (નિવૃત્ત જજ & સીનિયર એડવોકેટ) (મોટાભાઈ)
કાનજીભાઈ વાલજીભાઈ રાઠોડ (નિવૃત્ત ડી.સી., એસ.ટી.) (મોટાભાઈ)
કાકુભાઈ વાલજીભાઈ રાઠોડ (સીનિયર એડવોકેટ) (નાનાભાઈ)
સુનિલભાઈ બાવભાઈ રાઠોડ (એડવોકેટ & નોટરી) (ભત્રીજા)
વિમલભાઈ બાવભાઈ રાઠોડ (એડવોકેટ & નોટરી) (ભત્રીજા)
મેહુલભાઈ બાવભાઈ રાઠોડ (એડવોકેટ) (ભત્રીજા)
ભરતભાઈ કાનજીભાઈ રાઠોડ (એડવોકેટ & નોટરી) (ભત્રીજા)
અશોકભાઈ કાનજીભાઈ રાઠોડ (ભત્રીજા)
કેતનભાઈ મનસુખભાઈ રાઠોડ (લો ઓફીસર, સુરત મ્યુ. કોર્પોરેશન) (પુત્ર)
ડો. નિરજ મનસુખભાઈ રાઠોડ (એમ.ડી. નવસારી) (પુત્ર)
ગૌતમભાઈ કાકુભાઈ રાઠોડ (એડવોકેટ & નોટરી) (ભત્રીજા)
અજયભાઈ કાકુભાઈ રાઠોડ (એડવોકેટ & નોટરી) (ભત્રીજા)

રાઠોડ પરિવાર (સાવરકુંડલા અને સુરત)

કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

# આણંદ ખાતે અમૂલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પહેલનો શુભારંભ..



14 ફેબ્રુઆરી 2026 બુધવારના રોજ ગુજરાતના ગ્રામીણ અર્થતંત્રમાં ક્રાંતિ લાવતો મહત્ત્વપૂર્ણ દિવસ રહ્યો હતો.હાલના ટેકનોલોજી અને AI ના યુગમાં દૂધ ઉત્પાદકોને વ્યક્તિગત માર્ગદર્શન મળે, ઉત્પાદકતા વધે અને પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બને તે હેતુથી અમૂલ દ્વારા 'અમૂલ AI' નામનું અત્યાધુનિક AI પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.આણંદ ખાતે આ પહેલનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.આ તકે સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ,કેબિનેટ મંત્રી, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે અમૂલ દ્વારા વિકસિત આ પહેલ અંતર્ગત 'સરલાબેન' A I Assistant આપણા દૂધ ઉત્પાદક ભાઈ-બહેનો માટે 24x7 સાચા માર્ગદર્શકની ભૂમિકા ભજવશે અને તેમને તેમના પશુઓના આરોગ્ય, ખોરાક અને સંવર્ધનથી લઈને સરકારી યોજનાઓ અને સબસિડીની વિગતો મેળવવા સુધીના કાર્યો અંગે માહિતી આપશે. ડેરી ઉદ્યોગને વધુ આધુનિક બનાવવા માટે લેવાયેલું આ પગલું લાખો દૂધ ઉત્પાદકોની આર્થિક ઉન્નતિમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં "સહકારથી સમૃદ્ધિ" ના મંત્રને સાકાર કરવામાં અમૂલ હંમેશા અગ્રેસર રહ્યું છે. તેમના માર્ગદર્શનમાં ડિજિટલ ઈન્ડિયા દ્વારા "એડવાન્ટેજ ઈન્ડિયા (AI)" ના વિઝનને અનુસરીને અમૂલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે અગ્રેસર રહીને દેશભરની સહકારી સંસ્થાઓને શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.ટેકનોલોજીના સમન્વયથી પશુપાલન ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો આ પ્રયાસ સૌ દૂધ ઉત્પાદકો અને સહકાર ક્ષેત્ર સાથે સંકળાયેલ પરિવારોને ખૂબ મદદરૂપ બનવાનો છે.અમૂલ A I ને આગામી દિવસોમાં નવી દિલ્હી ખાતે યોજાનાર 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ'માં રજૂ કરવામાં આવશે, જે આગળ જતાં સમગ્ર ભારતના ગ્રામીણ જગતને ઉપયોગી થશે તેવો મને વિશ્વાસ છે. તેવું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

| | | |
|---|---|---|
| ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ |
| ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ |
| બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ |

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 12/02/2026

# શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન



તારીખ 10/02/2026 ના રોજ કરવામાં આવ્યું હતું જેમાં કુલ 8 વિદ્યાર્થી બહેનોએ ભાગ લીધો હતો.પ્રથમ ક્રમે ચુડાસમા આરતી પી. દ્વિતીય ક્રમે જાદવ ફિઝુ એ. અને તૃતીય ક્રમે બારૈયા તેજલ આવેલ, નિર્ણાયક તરીકે ડો.પ્રતિમાબેન શુક્લ તથા ડો.રુકસાનાબેન કુરેશીએ કરેલ.સ્પર્ધાનું આયોજન ડો.હરીતાબેન જોષીએ કરેલ હતું ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રિન્સિપાલ શ્રી ચાવડા સાહેબે અભિનંદન પાઠવ્યા હતા કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ પરિવારે જે મત ઉઠાવી હતી.





# શિવમ્

ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

૨૪ કલાક ઈમરજન્સી સારવાર

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

# મફતમાં કરી આપવામાં આવશે.



## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઇરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેક્ચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઇલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઇન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૪ કલાક સોનોગ્રાફી થા ઇમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
* એપોઇન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

# મહાશિવરાત્રિ મેળાના અવસર પર ભાવનગર ટર્મિનસ–વેરાવળ વચ્ચે વિશેષ ભાડે ચાલશે "મહાશિવરાત્રિ મેળા સ્પેશલ" ટ્રેન

મહાશિવરાત્રિ મેળા દરમિયાન વધારાની મુસાફર ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે વિશેષ ભાડે કુલ 04 જોડી "મહાશિવરાત્રિ મેળા સ્પેશલ" ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર, ટ્રેન નંબર 09581 વેરાવળ–ભાવનગર ટર્મિનસ સ્પેશલના સંચાલન દિવસોમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ ટ્રેન 13.02.2026 થી 17.02.2026 સુધી ચાલવાની હતી, જેને સુધારીને હવે 14.02.2026 થી 18.02.2026 સુધી સંચાલિત કરવાનો નિર્ણય લેવાયો છે. તેનો વિગતવાર સમયપત્રક નીચે મુજબ છે:—ટ્રેન નંબર 09581 વેરાવળ–ભાવનગર ટર્મિનસ સ્પેશલ વેરાવળથી સવારે 06:50 વાગ્યે રવાના થઈ બપોરે 14:00 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 14.02.2026 થી 18.02.2026 સુધી સંચાલિત થશે.ટ્રેન નંબર 09582 ભાવનગર ટર્મિનસ–વેરાવળ સ્પેશલ (પરત દિશામાં)ભાવનગર ટર્મિનસથી બપોરે 14:50 વાગ્યે રવાના થઈ રાત્રે 21:35 વાગ્યે વેરાવળ પહોંચશે. આ ટ્રેન 13.02.2026 થી 17.02.2026 સુધી સંચાલિત થશે.ઉક્ત ટ્રેનો બંને દિશામાં કેશોદ, જુનાગઢ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લાઠી, ઢસા, ધોળા, સિહોર તથા ભાવનગર પરા સ્ટેશનો પર ઠેરાવ કરશે.ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ મુસાફરોને વિનંતી કરી છે કે મુસાફરી પહેલાં પોતાની ટ્રેનની સમયસૂચિની ખાતરી કરી લે, રેલવે દ્વારા જારી કરવામાં આવેલા તમામ સૂચનોનું પાલન કરે તથા સ્ટેશન અને ટ્રેનોમાં સ્વચ્છતા અને વ્યવસ્થા જાળવવામાં રેલવેને સહયોગ આપે.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

કે.ડી NEWS

તારીખ : 12/02/2026

# વિસરાતું જતું અમૃત ફળ 'રામફળ'



નવા સાંગાણાના વાસુદેવસિંહ સરવૈયાની પ્રેરણાદાયી પહેલ.આજના સમયમાં જ્યારે દેશી અને પૌષ્ટિક ફળોના ઝાડ લુપ્ત થતા જાય છે, ત્યારે અમુક પ્રકૃતિ પ્રેમીઓ આ વિરાસતને જીવંત રાખી રહ્યા છે. આવું જ એક ઉદાહરણ નવા સાંગાણા ગામમાં જોવા મળ્યું છે. ત્યાં વાસુદેવસિંહ સરવૈયાએ પોતાની દુકાન પાસે હોંશથી 'રામફળ'નું વૃક્ષ રોપ્યું હતું, જે આજે ઘટાદાર બનીને મીઠાં ફળોથી લચી પડ્યું છે. આ માત્ર એક વૃક્ષ નથી, પણ સ્વાસ્થ્યનો આખો ખજાનો છે.રામફળ: દેખાવમાં સુંદર, ગુણમાં શ્રેષ્ઠસીતાફળના કુળનું આ હૃદયાકાર ફળ એટલે 'રામફળ'. જ્યારે તે પાકે છે ત્યારે તેનું આવરણ કેસરી-તપખીરી રંગનું અને અંદરનો ગર આછા પીળા કે સફેદ રંગનો અત્યંત મીઠો હોય છે. વાસુદેવસિંહના આ વૃક્ષ પર અત્યારે ખૂબ સારા અને પૌષ્ટિક ફળ આવ્યા છે, જે કુદરતના આશીર્વાદ સમાન છે.કેમ ખાસ છે આ ફળ?રામફળ માત્ર સ્વાદ માટે નથી, પણ તે અનેક બીમારીઓ સામે લડવાની શક્તિ આપે છે:ડાયાબિટીસ અને હૃદય માટે: તે બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં અને હૃદયને મજબૂત રાખવામાં મદદ કરે છે.રોગપ્રતિકારક શક્તિ: વિટામિન C અને A થી ભરપૂર હોવાથી તે શરીરની ઈમ્યુનિટી વધારે છે.સાંધાના દુખાવામાં રાહત: આયુર્વેદ મુજબ, રામફળનું સેવન સાંધાના દુખાવા અને સોજામાં ખૂબ રાહત આપે છે.ત્વચા માટે: તેમાં રહેલા એન્ટિ-એજિંગ ગુણો ત્વચાને કુદરતી ચમક આપે છે.પ્રેરણા લેવા જેવી વાતસામાન્ય રીતે લોકો પોતાની દુકાન પાસે માત્ર શોભાયમાન વૃક્ષો વાવતા હોય છે, પરંતુ વાસુદેવસિંહે ફળદ્રુપ અને ઔષધીય રામફળ વાવીને સાબિત કર્યું છે કે જો થોડી કાળજી રાખવામાં આવે, તો આપણા આંગણે જ સ્વાસ્થ્યનો બગીચો બનાવી શકાય છે. આજે જ્યારે બજારમાં રામફળ ખૂબ ઓછા જોવા મળે છે, ત્યારે નવા સાંગાણાનું આ વૃક્ષ આસપાસના લોકો માટે કુતૂહલ અને પ્રેરણાનું કેન્દ્ર બન્યું છે.નિષ્કર્ષ:નવા સાંગાણાની ધરતી પર લહેરાતું આ રામફળનું વૃક્ષ આપણને સંદેશ આપે છે કે આપણે ફરી આપણી મૂળ વનસ્પતિઓ તરફ વળવું જોઈએ. જો આપણે પણ વાસુદેવસિંહની જેમ એક-એક આવું વૃક્ષ વાવીએ, તો આવનારી પેઢીને શુદ્ધ ખોરાક અને સારું સ્વાસ્થ્ય આપી શકીશું.

તારીખ : 12/02/2026


નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

# અમરેલીના જરખીયા ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભરતભાઈ ચોવટીયાએ પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવ્યું







## પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી મગફળી, તુવેર, ઘઉં, ધાણા, વરીયાળી સહિતના વિવિધ પાકના વાવેતરમાં એકરદીઠ ઉત્પાદન અને આવક બંને વધ્યા

અમરેલી તા. ૧૨ ફેબ્રુઆરી,૨૦૨૬ (ગુરૂવાર) – રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત વધી રહ્યો છે. અમરેલી જિલ્લામાં પણ પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળ્યા છે. અમરેલીના જરખીયા ગામના પ્રગતિશીલ ખેડૂતશ્રી, ભરતભાઈ ચોવટીયાએ પરંપરાગત રસાયણયુક્ત ખેતીને હંમેશ માટે ત્યાગીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિને અપનાવી છે. પ્રગતિશીલ ખેડૂતશ્રી, ભરતભાઈ ચોવટીયાએ જણાવ્યુ કે, એક સમયે હું મકાઈ સહિતના પાકનું વાવેતર કરતો હતો. મકાઈમાં વારંવાર જીવાતો આવવાના કારણે દવા છંટકાવ કરવો પડતો તેમ છતાં યોગ્ય પરિણામ નહોતુ મળતું આથી મેં પ્રાકૃતિક કૃષિની નવી દિશા તરફ વિચાર્યું હતુ અને એ વિચાર થકી છેલ્લા ૭ વર્ષથી હું પ્રાકૃતિક કૃષિ કરી રહ્યો છું. તેમણે ઉમેર્યું કે, મગફળી, તુવેર, ઘઉં, ધાણા, વરીયાળી સહિતના વિવિધ પાકનું વાવેતર કરી પ્રાકૃતિક કૃષિનું મોડેલ ફાર્મ બનાવ્યું છે, જેમાં એકરદીઠ ઉત્પાદન અને આવક બંને વધ્યા છે. અનેક ખેડૂતોના પ્રેરણાસ્ત્રોત પ્રગતિશીલ ખેડૂત શ્રી ભરતભાઈ ચોવટીયા બહુવિધ પાક અને મૂલ્યવર્ધન થકી સોશિયલ મીડિયા સહિત દેશી માર્કેટિંગ પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઉત્પાદિત વિવિધ પાકનું વેચાણ કરે છે અને સારી આવક મેળવી રહ્યા છે. તેમને સફળ પ્રાકૃતિક કૃષિ માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે સન્માન પણ પ્રાપ્ત થયું છે.

શ્રી, ભરતભાઈ જણાવે છે કે, ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિમાં જીવામૃત, ઘન જીવામૃત, દશપર્ણી અર્કની મદદથી પ્રાકૃતિક કૃષિમાં અનેક પ્રકારના લાભ મળે છે. જમીનની ફળદ્રુપતા વધે છે અને સારૂં પાક ઉત્પાદન પણ મળે છે. યોગ્ય માર્ગદર્શન, દ્રઢ સંકલ્પ, મહેનતથી પ્રાકૃતિક કૃષિમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે. પ્રાકૃતિક કૃષિ એ સમયની પ્રમુખ માંગ પૈકીની એક માંગ છે. આજે નહીં તો કાલે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું પડશે અને ભવિષ્યની પેઢીઓની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી પડશે. પ્રગતિશીલ ખેડૂત શ્રી, ભરતભાઈ ચોવટીયા મોડેલ પ્રાકૃતિક કૃષિ ફાર્મ બનાવીને પરંપરાગત કૃષિ કરતા ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે.

કે.ડી. NEWS
તારીખ : 12/02/2026

# શિક્ષણમંત્રી શ્રી ડૉ.પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાના અધ્યક્ષ સ્થાને બોર્ડની પરીક્ષાના આયોજન માટે રાજ્યના તમામ જિલ્લામાં વર્ચ્યુઅલ બેઠક યોજાઈ

## જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લામાં ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષાની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી

## ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા સુચારું આયોજન માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

અમરેલી તા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ (ગુરૂવાર) - આગામી તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૧૮ માર્ચ, ૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષાઓ યોજાનાર છે. આ પરીક્ષાનું સુચારું આયોજન સુનિશ્ચિત કરવા રાજ્ય સ્તરે શિક્ષણમંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાના અધ્યક્ષ સ્થાને વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિંદ તોરવણે તેમજ બોર્ડના અધ્યક્ષ સહિતના મહાનુભાવોએ વિવિધ જિલ્લાઓની તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી.રાજ્ય સ્તરની બેઠક બાદ શિક્ષણમંત્રીશ્રીના માર્ગદર્શન અન્વયે જિલ્લા કક્ષાની પરીક્ષા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.જિલ્લા કલેક્ટરશ્રીએ પરીક્ષાના સુચારું અને નિષ્પક્ષ આયોજન માટે પોલીસ વિભાગ, એસ.ટી. વિભાગ, પીજીવીસીએલ તથા આરોગ્ય વિભાગ સહિત તમામ સંબંધિત વિભાગોને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી.તેમણે ખાસ કરીને સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે મેટલ ડિટેક્ટર સહિતની સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર સુધી આવન-જાવનમાં કોઈ અગવડતા ન રહે તે માટે વિશેષ એસ.ટી. બસોની ફાળવણી કરવાની પણ સૂચના આપવામાં આવી હતી. સીસીટીવીની વ્યવસ્થા અને કંટ્રોલ રૂમની વ્યવસ્થાઓ અંગે તેમણે દિશાનિર્દેશ આપ્યા હતા. સ્ટ્રોંગરૂમ ખાતે બંદોબસ્ત તેમજ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ તણાવમુક્ત થઈને પરીક્ષા આપે તે માટે પૂરતી તૈયારીઓ ગોઠવવા માટે સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.બી. ગોહિલે જિલ્લાકક્ષાની વ્યવસ્થાઓ અને જરૂરી તૈયારીઓ અંગે માહિતી આપી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાને પારદર્શક, શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે યોજવા માટે તમામ જરૂરી તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું બેઠકમાં જણાવાયું હતું.બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી દિલિપસિંહ ગોહિલ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોહિલ, એસ.ટી.ના વિભાગીય નિયામક શ્રી પટેલ, જિલ્લા પ્રાથમિક શિણાધિકારી શ્રી મીયાણી, પી.જી.વી.સી.એલ, આરોગ્ય, સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કે.ડી. NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 12/02/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

## લાઈવ કેક

માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस ४३

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

" अवतार " के साथ भी निःस्वार्थ भाव से प्रेम कर आसानी से हम जुड़ सकते है।

बाबा स्वामी

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક ભાઈ નું ઊંટ ખોવાઈ જતા ઝાડવા ઉપર ચડી દૂર દૂર સુધી જોતા હતા એટલામાં ઝાડવા નીચે એક પતિ પત્ની આવ્યા અને પતિ પત્નીને કહ્યું મને તારી આંખોમાં દુનિયા દેખાય છે ઝાડ ઉપર રહેલ ભાઈએ કહ્યું જોવો તો ભાઈ મારું ઊંટ કંઈ દેખાય છે???

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 12 ફેબ્રુઆરી
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૮૦૯ - અબ્રાહમ લિંકન, અમેરિકાના ૧૬મા પ્રમુખ. (અ.૧૮૬૫)

૧૮૦૯ - ચાર્લ્સ ડાર્વિન, ઉત્ક્રાંતિવાદના પ્રણેતા (અ.૧૮૮૨)

૧૮૨૪ - મહર્ષિ દયાનંદ, સમાજ સુધારક, આર્ય સમાજના સ્થાપક (અ.૧૮૮૩)

૧૯૨૦ - પ્રાણ, અભિનેતા (અ.૨૦13

**અવસાન**

૧૮૦૪ – ઈમેન્યુએલ કેન્ટ, જર્મન તત્ત્વચિંતક (જ.૧૭૨૪)

૨૦૨૨ – રાહુલ બજાજ, ભારતીય ઉદ્યોગપતિ (જ.૧૯૩૮)

તારીખ : 12/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 12/02/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/02/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/02/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**